પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૪ | ૨૪ ઓગસ્ટ, ૨૦૨૧, મંગળવાર; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂત આંદોલન ઉકેલવા સુપ્રીમની કેન્દ્રને તાકીદ

**ખેડૂત આંદોલનથી નોઈડાથી દિલ્હીને જોડતા રસ્તા બંધ : ઉકેલ કેન્દ્ર અને સંબંધિત રાજ્યોના હાથમાં, કોઈ કારણોસર રસ્તા બંધ ન કરવા જોઈએ એવી વડી અદાલતની ટકોર**



નવી દિલ્હી,તા.૨૩

ખેડૂતોના આંદોલનને કારણે રસ્તાઓ બંધ થવા અંગે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ સમસ્યાનો ઉકેલ શોધવા કહ્યું છે. નોઈડાનાં એક વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ વાત કહી. અરજદારે માંગ કરી કે ખેડૂતોના આંદોલનને કારણે નોઈડાથી દિલ્હીને જોડતા રસ્તાઓ બંધ છે અને તેના કારણે લોકોને સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ રસ્તાઓ ખોલવા જોઈએ. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું કે શા માટે અત્યાર સુધી રસ્તાઓ બંધ છે. વિરોધ કરવામાં કોઈ નુકસાન નથી, પરંતુ રસ્તાઓ બ્લોક ન થવા જોઈએ. આ સાથે જ, સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને ત્રણ સંબંધિત રાજ્ય સરકારોને નોટિસ આપી છે અને તેમનો જવાબ માંગ્યો છે. કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને સંકલન કરવા અને રોડ બ્લોક દૂર કરવાનો પ્રયાસ કરવા જણાવ્યું હતું. અરજીની સુનાવણી દરમિયાન જસ્ટિસ કૌલે કહ્યું કે, 'ઉકેલ કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્યોના હાથમાં છે. કોઈપણ કારણોસર રસ્તા બંધ ન કરવા જોઈએ. આ મુદો ઉકેલવા માટે કેન્દ્ર સરકારને સમય આપવામાં આવ્યો છે. તે આ સમસ્યાનો ઉકેલ લાવે અને તેનો રિપોર્ટ અમને આપે.

● અનુસંધાન પાન-૭ પર

# ઓક્ટોબરમાં કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે

**એનઆઈડીએમ હેઠળ બનાવવામાં આવેલી એક્સપર્ટની પેનલે કોરોના વાયરસની ત્રીજી લહેર અંગે ચેતવણી ઉચ્ચારી**

નવી દિલ્હી,તા.૨૩

ભારતમાં કોરોના વાયરસનું સંક્રમણ વધ ઘટ થઈ રહ્યું છે. આજે નવા ૨૫ હજાર જેટલા કેસ જોવા મળ્યા છે. આ બધા વચ્ચે દેશમાં કોવિડ-૧૯ની ત્રીજી લહેર વિશે મોટા સમાચાર આવ્યા છે. કહેવાયું છે કે આ વર્ષે ઓક્ટોબર સુધીમાં ત્રીજી લહેરની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય (એમએચએ) દ્વારા બનાવવામાં આવેલી એક સમિતિએ કહ્યું કે કોરોના વાયરસની ત્રીજી લહેર ઓક્ટોબરની આજુબાજુ ચરમસીમાએ પહોંચી શકે છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (એનઆઈડીએમ) હેઠળ બનાવવામાં આવેલી એક્સપર્ટની પેનલે કોરોના વાયરસની ત્રીજી લહેર અંગે ચેતવણી ઉચ્ચારી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે કોવિડ-૧૯ની ત્રીજી લહેર ઓક્ટોબરની આજુબાજુ આવી શકે છે. રિપોર્ટમાં કહેવાયું છે કે કોવિડ-૧૯ની ત્રીજી લહેરમાં બાળકો ઉપર પણ મોટા સમાન જોખમ તોળાઈ રહ્યું છે. કમિટીએ આ દરમિયાન બાળકો માટે સારી મેડિકલ તૈયારીની જરૂરિયાત પર ભાર મૂક્યો છે અને કહ્યું છે કે બાળકો માટે મેડિકલ સુવિધાઓ, ડોક્ટર, કર્મચારી, વેન્ટિલેટર,



એમ્બ્યુલન્સ વગેરે જેવા ઉપકરણો ક્યાંય નથી. મોટી સંખ્યામાં બાળકો સંક્રમિત થાય તો તેવી સ્થિતિમાં આ ઉપકરણોની જરૂર પડી શકે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય (એમએચએ)ના નિર્દેશ પર બનાવવામાં આવેલી સમિતિએ પોતાનો રિપોર્ટ પ્રધાનમંત્રી કાર્યાલય(પીએમઓ) ને સોંપી દીધો છે. રિપોર્ટમાં ગંભીર રીતે બીમાર અને વિકલાંગ બાળકોને પ્રાથમિકતાના આધારે રસીકરણ પર વિશેષ ભાર મૂકવાની વાત કરાઈ છે.

# કલ્યાણસિંહ પંચમહાભૂતમાં વિલિન

**બાસી ઘાટ પર રામમંદિરના પ્રણેતાના અંતિમ સંસ્કાર : ગંગા કિનારે ઉમટેલા તમામ નેતાઓ, સેલિબ્રિટીઝ અને લોકોની ભીડને સંભાળવામાં પોલીસનાં નાકે દમ આવ્યો**

નવી દિલ્હી,તા.૨૩

રામમંદિર આંદોલનના પ્રણેતા, યુપીના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહ આજે પંચતત્ત્વમાં વિલિન થઈ ગયા. બુલંદશહેર જિલ્લાના નરોરા ખાતે ગંગા કિનારે બાસી ઘાટ પર તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો. પુત્ર રાજવીરે મુખાગ્નિ આપી. સંપુર્ણ રાજકિય સન્માન સાથે અંતિમ સંસ્કાર પહેલા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, સીએમ યોગી, ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ પુષ્પો અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી. આ પહેલા, તેમના મૃતદેહને તેમની કર્મભુમિ અલીગઢથી તેમના વતનનાં ગામ અતરૌલી લાવવામાં આવ્યો, જ્યાં લોકો તેમના લોકપ્રિય નેતાની અંતિમ ઝલક જોવા માટે ભેગા થયા હતા. ગંગા કિનારે તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે ઉમટેલા તમામ નેતાઓ અને સેલિબ્રિટીઝની ભીડને સંભાળવામાં પોલીસનાં નાકે દમ આવી ગયો હતો, સીએમ યોગીએ પોતે માઈક લેવું પડ્યું હતું અને લોકોને તેમની જગ્યાએથી શ્રદ્ધાંજલિ આપવાની અપીલ કરી હતી.



# ૧૪૬ ભારતીય દોહા માર્ગે કાબૂલથી દિલ્હી પહોંચ્યા

**ખરાબ થઈ રહેલી સ્થિતિને જોતાં ભારત સરકાર કાબૂલથી પોતાના નાગરિકોને બહાર કાઢવાની કોશિશ કરી રહી છે**



નવી દિલ્હી,તા.૨૩

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ કાબુલમાં ખરાબ થઈ રહેલી સ્થિતિને જોતા ભારત સરકાર કાબુલથી પોતાના નાગરિકોને બહાર કાઢવાની સતત કોશિશ કરી રહી છે. ત્રણ ફ્લાઈટ્સ દ્વારા બે અફઘાન સાંસદો સહિત ૩૯૨ લોકોને રવિવારે દેશમાં પાછા લવાયા. જ્યારે ૧૪૬ ભારતીય નાગરિકોને અફઘાનિસ્તાનથી દોહા લઈ જવાયા અને ત્યારથી ભારત લવાયા. ગત અઠવાડિયાના એક અંદાજા મુજબ અફઘાનિસ્તાનમાં લગભગ ૪૦૦ ભારતીયો હજુ પણ ફસાયેલા હોઈ શકે છે. ભારત સરકાર સતત તેમને ત્યાંથી કાઢવા માટે પ્રયત્નશીલ છે. આ માટે અમેરિકા અને અન્ય મિત્ર દેશો સાથે કામ ચાલી રહ્યું છે. અફઘાનિસ્તાનથી લોકોને લઈને આવતી ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ ૧૭૦૨ પણ દોહાથી દિલ્હી એરપોર્ટ પહોંચી ગઈ છે. ફ્લાઈટમાં સવાર અન્ય યાત્રીઓ સાથે ૧૧ એવા પણ છે જે અફઘાનિસ્તાનમાં ફસાયેલા હતા. આ ફ્લાઈટ દોહાથી આવી છે. કુલ ૧૪૬ મુસાફરો દિલ્હી પહોંચ્યા.

# તાલિબાનોની સામે પંજશીર યોધ્ધાનો પ્રહાર, ૩૦૦ને ઠાર કર્યા

**અહમદ મસૂદે સરેન્ડર કરવાથી ઇન્કાર કર્યો : એક માત્ર પ્રાંત પંજશીર જ છે જ્યાં તાલિબાનની વિરુદ્ધ નવું નેતૃત્વ ઊભું થઈ રહ્યું છે અને જેઓ તાલિબાનની સત્તાને સ્વીકારવાનો ઇન્કાર કરી રહ્યા છે**

કાબુલ,તા.૨૩

અફઘાનિસ્તાનમાં કાબુલ એરપોર્ટ પર પંજશીર ઘાટીને બાદ કરતાં તમામ વિસ્તારમાં આપી છે કે જો શાંતિપૂર્ણ રીતે અહમદ મસૂદની સેનાએ સરેન્ડર નહીં કરે તો તેમની પર હુમલો કરવામાં આવશે. જોકે, અહમદ



તાલિબાનનો કબજો છે. હવે તાલિબાન પંજશીર પર મોટો હુમલો કરવાની તૈયારીમાં છે. તાલિબાના ફાઈટરો ભારે હથિયારો સાથે પંજશીર પર હુમલો કરવા પહોંચી ગયા છે. તાલિબાને ચેતવણી મસૂદે સરેન્ડર કરવાનો સ્પષ્ટ ઈંકાર કરી દીધો છે અને યુદ્ધ માટે પડકાર ફેંક્યો છે. આ દરમિયાન સૂત્રોના હવાલાથી દાવો કર્યો છે કે પંજશીરના ફાઈટરોએ તાલિબાન

● અનુસંધાન પાન-૭ પર

# ગની અને સાલેહને માફ કરવા તાલિબાનની જાહેરાત

**લોકોને દેશ છોડીને ન જવા હક્કાનીની અપીલ, અત્યંત સક્ષમ અને શિક્ષીત લોકો અફઘાનમાં સરકાર બનાવશે**

કાબુલ,તા.૨૩

અફઘાનિસ્તાનમાં લોકોના વિરોધનો સામનો કરી રહેલા તાલિબાને પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અશરફ ગની અને પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અમરુલ્લા સાલેહને માફ કરવાની જાહેરાત કરી છે. આ સાથે જ તેમણે કહ્યું કે, આ બન્ને નેતાઓ ફરીથી કાબુલ આવી શકે છે. અશરફ ગની અત્યારે દુબઈમાં છે, જ્યારે સાલેહ અફઘાનિસ્તાનની પંજશીર ઘાટીમાં છે. પંજશીર ઘાટીથી વિદ્રોહીઓ તાલિબાન પર નિશાન સાધી રહ્યા છે. પાકિસ્તાનની સમાચાર ચેનલ જિઓ ન્યુઝ સાથેની વાતચીતમાં તાલિબાનના નેતા ખલિલ-ઉર-રહમાન હક્કાનીએ કહ્યું કે, તાલિબાનની અશરફ ગની, સાલેહ અને પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર હમદુલ્લાહ મોહિબા સાથે કોઈ દુશ્મની નથી. અમે તેમને માફ કરી દીધા છે. આ ત્રણ લોકો સાથે દુશ્મની માત્ર ધાર્મિક આધાર પર હતી.

ઉલ્લેખનીય છે કે હક્કાનીને અમેરિકાએ એક વૈશ્વિક આતંકી તરીકે જાહેર કર્યા છે અને તેમના માટે ૫૦ લાખ ડોલરનું ઈનામ પણ મૂક્યું છે. હક્કાનીએ કહ્યું કે, અમે તમામ લોકોને માફ કરી દીધા છે. જેઓ અમારી વિરુદ્ધ લડી રહ્યા હતા તેમને પણ અને સામાન્ય નાગરિકોને પણ. આ સિવાય હક્કાનીએ લોકોને દેશ છોડીને ન જવાની અપીલ કરી છે.

# વીજળી ત્રાટકતાં ખેતરમાં ચરતાં ૫૦૦ ઘેટાંનાં મોત

નવી દિલ્હી,તા.૨૩

ખેડૂત માટે ખેતર અને તેના પશુ ખૂબ જ કિંમતી હોય છે. તેના માધ્યમથી જ તે પોતાની રોજીરોટી કમાઈને કુટુંબનું ગુજરાન ચલાવે છે. એવામાં જો કોઈ ખેડૂતને ખબર પડે કે એક સેકન્ડમાં જ તેના ૫૦૦ ઘેટાં મરી ગયા છે, તો આ તેના માટે ઘેરા આઘાત સમાન છે. સાઉથ જ્યોર્જિયામાં રહેનારા એક પશુપાલકના અચાનક ૫૦૦ ઘેટાં મરી ગયા. મળતી જાણકારી મુજબ, તમામ ઘેટા આકાશમાંથી વીજળી ત્રાટકતાં તેની ઝપટમાં આવી ગયા. ત્યારબાદથી પશુપાલકની સ્થિતિ રડીરડીને ખરાબ થઈ ગઈ છે. સ્થાનિક ન્યૂઝ રિપોર્ટ્સ મુજબ, પશુપાલકનું નામ નિકોલાય લેવાનોવ છે. તેના ઘેટાને બીજા પશુપાલકના ખેતરમાં ચરાવવા માટે લઈ ગયો હતો. વરસાદની સીઝનમાં પહાડો પર ઉગેલા લીલા ઘાસ ખાતા ઘેટાંને શું ખબર હતી કે તેમનું મોત આકાશમાંથી આવવાનું છે. ઘેટા આરામથી ચરી રહ્યા હતા કે અચાનક આકાશમાંથી તેજ પ્રકાશરૂપે વીજળી ત્રાટકી. ક્ષણભરમાં જ ૫૦૦ ઘેટા તેની ઝપટમાં આવી ગયા અને ત્યાં જ તેમના મોત થયા.

# ભારતમાં નકલી નોટો ઘૂસાડવા પાક.નો નવો ચહેરો શારિક

**ભારતમાં નકલી નોટો ઘૂસાડવાનું પાકિસ્તાનનું ષડયંત્ર : દુબઈમાં બેસીને ઉત્તર પ્રદેશનો શારિક દિલ્હી-એનસીઆર સહિત દેશભરમાં નકલી નોટો સપ્લાય કરી રહ્યો છે**

નવી દિલ્હી,તા.૨૩

નકલી નોટો દ્વારા આતંકવાદીઓને ફન્ડિંગ કરવું, ભારતમાં હવાલા કારોબારને હવા આપવી, આ બધા પાકિસ્તાનના એવા ષડયંત્રો છે જે હવે જગજાહેર થઈ ચુક્યા છે. છેલ્લા અનેક વર્ષોથી પાકિસ્તનનું આઈએસઆઈ ભારતમાં નકલી નોટોનું સપ્લાય કરી રહ્યું છે. હવે એ વ્યક્તિનું નામ પણ સામે આવ્યું છે જેને પાકિસ્તાને પોતાનો નવો ચહેરો બનાવ્યો છે અને તેના દ્વારા ભારતમાં મોટા પાયે નકલી નોટ મોકલવામાં આવી રહી છે. ઉત્તર પ્રદેશના સંભલનો રહેવાસી શારિક ઉર્ફે સટ્ટાને આઈએસઆઈએ પોતાના નવા ચહેરા તરીકે પસંદ કર્યો છે. દુબઈમાં બેસીને શારિક દિલ્હી-એનસીઆર સહિત દેશભરમાં નકલી નોટો સપ્લાય કરી રહ્યો છે. ઉત્તર પ્રદેશના સંભલથી આલમ અને દિલ્હીથી ઝાકિર નામના એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી તેના દ્વારા પોલીસને શારિક વિશે માહિતી

● અનુસંધાન પાન-૭ પર

# અફઘાન સંકટ સંદર્ભે ૨૬મીએ સર્વપક્ષીય બેઠક

**અફઘાનિસ્તાન સંકટ પર ભારત સરકાર ચિંતિત : દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર સામે અફઘાન હાઇ કમિશન કાર્યાલયના શરણાર્થીઓનું વિરોધ પ્રદર્શન સતત જારી**

નવી દિલ્હી,તા.૨૩

અફઘાનિસ્તાનમાં તાલિબાનના સંપૂર્ણ કબ્જા બાદથી આની અસર ભારતીય રાજનીતિથી લઈને વેપાર પર પડી રહી છે. આ સંકટની વચ્ચે વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકરે સોમવારે ટ્વીટ કરી જાણકારી આપી છે. તેમણે કહ્યુ કે અફઘાનિસ્તાનના ઘટનાક્રમને ધ્યાનમાં રાખતા, પીએમ મોદીએ વિદેશ મંત્રાલયને તમામ રાજકીય દળના નેતાઓને સંક્ષિપ્ત જાણકારી આપવાનો આદેશ આપ્યો છે. સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશી આગળની જાણકારી આપશે. સૂત્રો અનુસાર વિદેશ મંત્રી એસ જયશંકરે અફઘાનિસ્તાન સંકટને લઈને ૨૬ ઓગસ્ટની સવારે ૧૧ વાગે સર્વદળીય બેઠક બોલાવી છે. મંત્રી પ્રહલાદ જોશી આ બેઠકને કૉર્ડિનેટ કરશે.